| PUBLICATION NAME : | Dhabkar |
| --- | --- |
| EDITION : | Surat |
| DATE : | 30/12/2021 |
| PAGE : | 6 |

# આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદને અટલ રેન્કિંગ ઓફ ઈન્સ્ટિટ્યૂશન્સ ઓન ઈનોવેશન અચિવમેન્ટ્સ - ૨૦૨૧ હેઠળજનરલ કેટેગરી (નોન-ટેક્નિકલ) કેટેગરીમાં પ્રથમ ક્રમ અપાયો

અમદાવાદ, ૨૯ ડિસેમ્બર, ૨૦૨૧: ઈડીઆઈઆઈને અટલ રેન્કિંગ ઓફ ઈન્સ્ટિટ્યૂશન્સ ઓન ઈનોવેશન અચિવમેન્ટ્સ ૨૦૨૧ હેઠળજનરલ (નોન-ટેક્નિકલ) કેટેગરીમાંપ્રથમ ક્રમ આપવામાં આવ્યો છે. ભારત સરકારના શિક્ષણ રાજ્યમંત્રી ડો. સુભાષ સરકાર દ્વારા આજે રેહ્નિઋંગના પરિણામો જાહેર કરાયા હતાં.

હેઠળ સંસ્થાઓને વૈશ્વિક સ્તરે સ્વીકાર્ય સૂચકાંકો સંબંધિત ઈનોવેશન ઉપર ક્રમાંકિત કરવામાં આવે છે. આ સૂચકાંકોમાં સફળ ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ્સ અને ફંડિંગ ઈનોવેશન તેમજ સ્ટાર્ટ-અપ્સ, ઈન્ટલેક્યુઅલ પ્રોપર્ટી, ટેક્નોલોજી ટ્રાન્સફર અને કમર્શિયલાઈઝેશન, ઈનોવેશનને પ્રમોટ અને સહયોગ કરવા ખર્ચ કરાયેલા વાર્ષિક બજેટ અને ઉદ્યોગ સાહસિકતાની પ્રવૃત્તિઓ, આઈપીઆર પ્રવૃત્તિઓ, પ્રી ઈન્ક્યુબેશન અને ઈન્ક્યુબેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈનોવેશન ઉપરના અભ્યાસક્રમ, આઈપીઆર અને ઉદ્યોગ સાહસિકતાના વિકાસ સામેલ છે.

જનરલ (નોન-ટેક્નિકલ) કેટેગરીમાં ઈડીઆઈઆઈને પ્રથમ ક્રમ આપવામાં આવ્યો છે. ઈડીઆઈઆઈ ગુજરાતમાંથી એકમાત્ર સંસ્થા છે કે જેણે તમામ સાત કેટેગરીમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. દેશભરમાંથી કુલ ૧૪૩૦ સંસ્થાઓ / યુનિવર્સિટીઝે આ રેન્કિંગમાં વિવિધ સાત કેટેગરીમાં ભાગ લીધો હતો.